ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એનબી-૩૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/૦૫/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

સુધારા ઠરાવઃ-

વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સીધી સહાય (ડીબીટી) તરીકે ચૂકવવાની યોજના અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના ઠરાવથી ઉક્ત યોજના અંતર્ગત તાલીમી સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી તાલીમી સંસ્થા એમ્પેનલ કરવાની જોગવાઇ હાલ અમલમાં છે.

(P.T.O.)

વંચાણે લીધા ક્રમાંક (૫) પરના ઠરાવ અન્વયે અનુસૂચિત જાતિ માટે અમલિત સમાન પ્રકારની યોજનાના ધોરણે ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવાની યોજના અંતર્ગત તાલીમી સંસ્થાઓની પસંદગી માટે રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા ઉપરાંત નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાનું આથી ઠરાવવામાં આવે છે:

૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ.

૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.

૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.

૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહુ યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧), (૨), (૩) અને (૪) પરના વિભાગના સરખા ક્રમાંકના ઠરાવોની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. કે. પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેકટ ફાઇલ